


ધ વર્લ્ડ ફેડરેશનને એ ઝાહિર કરવામાં ખૂબ આનંદ થાય છે કે હિરજી ફાઉન્ડેશને મુંબઇ જમાતમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપીને તેમના પરોપકારી પ્રયાસોને ફરી એક વાર આગળ વધાર્યા છે.

ફાઉન્ડેશનના ટ્રસ્ટી, અલ્હાજ રઝા અલી હિરજીએ ત્રણ વર્ષના સમયગાળામાં એક લાખ પચાસ હજાર યુનાઇટેડ સ્ટેટ્સ ડૉલર (US$૧૫૦,૦૦૦) નું પેકેજ પ્રતિબધ્ધ કર્યું છે જે ખાસ કરીને મુંબઇ જમાત ના વિદ્યાર્થીઓ ના ઉચ્ચ શિક્ષણ સહાય માટે નિયુક્ત કરવામાં આવ્યા છે જેઓ ભારતમાં અભ્યાસ કરવા માંગે છે.

“હિરજી ફાઉન્ડેશન ધ વર્લ્ડ ફેડરેશન દ્વારા મુંબઈ જમાતને ટેકો આપવા માટે ખૂબ જ નમ્ર છે. અમારો હિરજી હાયર એડયુકેશન લોન પ્રોગ્રામ અમારા કોમના વિદ્યાર્થીઓને ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે વધુ સારી રીતે પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

ઇન્શાઅલ્લાહ, અમે દુઆ કરીએ છીએ કે આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને તેમની સંભવિતતાના ઉચ્ચતમ સ્તર સુધી પહોંચવામાં મદદ કરશે અને લાંબા ગાળાની સ્વ-સ્થાયીતા બનાવવામાં મદદ કરશે જેથી કરીને આ પ્રોગ્રામ અમારા કોમના વિદ્યાર્થીઓને કાયમ માટે લાભ આપવાનું ચાલુ રાખી શકે. આમીન”



**હિરજી ફાઉન્ડેશનના વરિષ્ઠ ટ્રસ્ટી મુરબ્બી રઝા અલી હિરજીએ જણાવ્યું**



“દરેક KSIMC વિદ્યાર્થીને તેમની સંભવિતતાના ઉચ્ચતમ સ્તર સુધી પહોંચવા માટે ઉચ્ચ શિક્ષણ ની પ્રાપ્તિ સુનિશ્ચિત કરવાના અમારા ઉદ્દેશ્યને અનુરૂપ આ એક પ્રશંસનીય કરાર છે. અમે તમામ પ્રદેશોમાં આ વિઝનને વધારવામાં તેમના સતત સમર્થન માટે હિરજી ફાઉન્ડેશનનો આભાર માનીએ છીએ”

**ધ વર્લ્ડ ફેડરેશનના પ્રમુખ અલ્હાજ સફદર જાફરે જણાવ્યું**



“વિદ્યાર્થીઓ માટે હિરજી ફાઉન્ડેશન લોન સ્કીમ ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે મોટો ટેકો બની રહેશે. અલ્લાહ (swt) વૈશ્વિક કોમમાં તેમના સમર્થન અને પરોપકારી કાર્ય માટે અલ્હાજ રઝા અલી હિરજી અને તેમના પરિવારને સુખી રાખે.

અમે પ્રમુખ શેખ સફદર જાફર, OBs અને એડયુકેશન ટીમને તેમના અચૂક સમર્થન માટે આભાર વ્યક્ત કરીએ છીએ”

**મુંબઈ જમાતના પ્રમુખ અલ્હાજ અલી અકબર શ્રોફે જણાવ્યું**

ધ વર્લ્ડ ફેડરેશનના પ્રમુખ, અલ્હાજ સફદર જાફર, OBs વતી, હિરજી ફાઉન્ડેશનને તેમના ઉદાર સમર્થન માટે તેમની ઊંડી પ્રશંસાકરે છે અને અલ્લાહ (swt) થી દુઆ કરે છે કે તેઓ આવા ઉમદા કામ ચાલુ રાખવા વધુ તૌફીક સાથે લાંબુ અને સ્વસ્થ જીવન આપે, આમીન.